©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 27th AUGUST, 2026/BHADRA 05, 1948 [ Issue No. 35**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I

| PART | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appointments etc., | 605-616 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 8851-9184 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the Principal District Judge
### NOTIFICATION

No. Adm/B.7/4959/2026.-The following candidated are declared successful at the Higher Standard Departmental Examination-2026, held during the month of July-2026.

| Sr. No. | Name of Employee | Designation | Court in which working |
|---|---|---|---|
| 1 | Mr. A. R. Bhalgamdadiya | Assistant | 2nd Additional District Court, Surendranagar |
| 2 | Mr. R. R. Chavda | Assistant | Principal Senior Civil Court, Limbdi |
| 3 | Mr. M. D. Dabhi | Assistant | Additional Senior Civil Court, Dhrangadhra |

The incumbents concerned be informed accordingly.

Surendranagar, 14th July, 2026.

### જાહેરનામુ

જા.નં. એડીએમ/બી.૭/૪૯૫૯/૨૦૨૬.-સુરેન્દ્રનગર જિલ્લા અદાલતમાં માહે-જુલાઈ-૨૦૨૬ માં લેવાયેલ ખાતાકિય ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં નીચે જણાવેલ ઉમેદવારોને પાસ થયાનું જાહેર કરવામાં આવે છે.

| અ. નં. | કર્મચારીનું નામ | હોદ્દો | કોર્ટનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી એ. આર. ભલગામડીયા | આસીસ્ટન્ટ | સેકન્ડ એડિશ્નલ ડિસ્ટ્રીકટ કોર્ટ, સુરેન્દ્રનગર |
| ૨ | શ્રી આર. આર. ચાવડા | આસીસ્ટન્ટ | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, લીંબડી |
| ૩ | શ્રી એમ. ડી. ડાભી | આસીસ્ટન્ટ | એડિશ્નલ સીનીયર સીવીલ કોર્ટ, ધ્રાંગધ્રા |

સુરેન્દ્રનગર, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૬.

### NOTIFICATION

No. Adm/B.7/4961/2026.-The following candidated are declared successful at the Lower Standard Departmental Examination-2026, held during the month of July-2026.

| Sr. No. | Name of Employee | Designation | Court in which working |
|---|---|---|---|
| 1 | Mr. K. B. Panchasara | Assistant | 3rd Additional District Court, Dhrangadhra |
| 2 | Mr. P. K. Parmar | Assistant | Principal Senior Civil Court, Patdi |

The incumbents concerned be informed accordingly.

Surendranagar, 14th July, 2026.

### જાહેરનામુ

જા.નં. એડીએમ/બી.૭/૪૯૬૧/૨૦૨૬.-સુરેન્દ્રનગર જિલ્લા અદાલતમાં માહે-જુલાઈ-૨૦૨૬ માં લેવાયેલ ખાતાકિય નિમ્ન શ્રેણીની પરીક્ષામાં નીચે જણાવેલ ઉમેદવારોને પાસ થયાનું જાહેર કરવામાં આવે છે.

| અ. નં. | કર્મચારીનું નામ | હોદ્દો | કોર્ટનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી કે. બી. પંચાસરા | આસીસ્ટન્ટ | થર્ડ એડિશ્નલ ડિસ્ટ્રીકટ કોર્ટ, ધ્રાંગધ્રા |
| ૨ | શ્રી પી. કે. પરમાર | આસીસ્ટન્ટ | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, પાટડી |

સુરેન્દ્રનગર, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૬.

### OFFICE ORDER NO. 72

No. Adm/B.4/5153/2026.-The Undersigned is pleased to issue the follwing promotion, transfer, posting and deputation orders on the administrative grounds, in the interest of public administration and exigency of services w.e.f. 21-07-2026 BOH :

1. Mr. D. M. Rana, Bench Clerk Grade-II, Principal Senior Civil Court, Surendranagar is temporarily promoted in the Cadre of Gazetted Officer Group-B (Secretary to PDJ/Protocol Officer/Registrar Civil Court/Bench Clerk Grade-I) in the pay scale of Rs. 44900-142400 (Level-8) on probation for a period of one year and posted as Bench Clerk Grade-I, 4th Additional District Court, Surendranagar on a vacant post. However, he is directed to work in the Principal Senior Civil Court, Surendranagar, till further order.

   Posting vice Mr. D. M. Rana will be made hereafter.

The incumbent-concerned should take over the charge of his assignment in the respective Court and he be relieved accordingly. The concerned employee be informed accordingly.

Surendranagar, 20th July, 2026.

**K. R. Upadhyay**
Principal District Judge
Surendranagar

## By the I/c Principal District Judge

Read : Resolution dated 01-08-2026 of the Departmental Examination Committee of this office.

### NOTIFICATION

No.B/301/2026.-The following candidates are declared sucessful in Higher Standard Departmental Examination-2026 held inpursuance of Para-569 of the Civil Manual, on 06th & 07th July, 2026 for the Assistants (Jr. Clerks) working on the establishment of District Court, Devbhumi Dwarka.

**[A] HIGHER STANDARTD DEPARTMENTAL EXAMINATION :**

**The following Assistants (Jr. Clerks) who claimed exemption in one or more papers in examination are declared successful at Higher Standard Departmental Examination :**

| Sr. No. | Name of Assistant (Jr. Clerk) | Seat No. of Assistant |
|---|---|---|
| 1 | Mr. D. P. Chauhan | 1 |
| 2 | Mr. K. D. Postariya | 2 |

Devbhuimi Dwarka @ Khambhalia, 01st August, 2026.

**S. G. Mansuri**
I/c Principal District Judge
Devbhumi Dwarka @ Khambhalia

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (ડબલ્યુ) અન્વયેનું

## પ્રાથમિક જાહેરનામુ

નં. એમએજી/પ્ર.પા./૦૭/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જાહેરનામુ/૨૨૬૧/૨૦૨૬, તા. ૧૦-૦૭-૨૦૨૬ની પત્રની વિગતે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણ શહેર ખાતે હિન્દુ ધર્મનું પવિત્ર યાત્રાધામ પ્રથમ જયોતિલીંગ શ્રી સોમનાથ મંદિર આવેલ હોય, સોમનાથ મંદિર ખાતે દરરોજ દેશ-વિદેશથી લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય જેથી આવા ધાર્મિક શ્રધ્ધાળુઓની લાગણીઓ ન દુભાય તે માટે સોમનાથ મંદિરથી ૫૦૦ મીટર શેરીઓમાં તથા મુખ્ય રસ્તાઓ ઉપરાંત સોમનાથ મંદિરથી મુખ્ય રોડ તથા ત્રિવેણી સંગમ રોડ, હમીરજી સર્કલથી ગૌરીકુંડ ચેકપોસ્ટ રોડ, વેણેશ્વર ચેકપોસ્ટથી ગુડલક સર્કલ(શંખ સર્કલ) થી સફારી સર્કલ-હિરણ સુધીના આસપાસના વિસ્તારમાં જાહેરનામા ક્રમાંક : નં. એમએજી/સી/૨૧૧/૨૦૧૯, તા. ૨૬-૦૧-૨૦૧૯ થી ઈંડા/માંસ-મટન/મચ્છી વેંચવા તથા સંગ્રહ કરવા અંગે કાયમી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ. જેની અમલવારી હાલ ચાલુ છે.

પરંતુ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના સદરહુ પત્રથી સોમનાથ મંદિર/ભાલકા મંદિરની આસપાસના વિસ્તારમાં તેમજ (૧) ભાલકા મંદિર થી ભીડીયા સર્કલ સુધી, (૨) ભીડીયા સર્કલ થી શંખ સર્કલ સુધી, (૩) શંખ સર્કલ થી સફારી સર્કલ સુધી, (૪) સફારી સર્કલ થી પ્રજાપતિ ધર્મશાળા ત્રણ રસ્તા સુધી, (૫) ગીતા મંદિર થી હમીરજી સર્કલ સુધી (૬) હમીરજી સર્કલ થઈ શંખ સર્કલ સુધી, (૭) સોમનાથ મંદિર થી ૫૦૦ મીટર અંદરના તમામ વિસ્તારમાં જાહેર રસ્તાની બન્ને સાઈડો ઉપર લારી ગલ્લાઓ, દુકાનો, રેસ્ટોરન્ટ, હોટલ પર ઈંડા/માંસ-મટન/મચ્છી તેમજ માંસાહારની તમામ વાનગીઓ બનાવવી અને તેનુ વેંચાણ તેમજ સંગ્રહ ઉપર પ્રતિબંધ મુકવા કાયમી ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ થવા દરખાસ્ત રજુ થયેલ છે.

શ્રી સોમનાથ મંદિર ખાતે દર્શનાર્થે આવતા શ્રધ્ધાળુઓની લાગણી ન દુભાય તેમજ જાહેર વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણા કરતા, જાહેરહિતમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ આવશ્યક જણાય છે.

સબબ હું, જે. એન. વાઘેલા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-(૧) (ડબલ્યુ) થી મને મળેલ સત્તાની રૂઈએ તેમજ ગુજરાતો પોલીસ અધિનિયમની કલમ-૩૩(૬)ના પરંતુક મુજબ નીચે જણાવેલ અનુક્રમ નં. ૧ થી ૭ મુજબ જાહેર રોડની બન્ને સાઈડો ઉપર લારી ગલ્લાઓ, દુકાનો, રેસ્ટોરન્ટ, હોટલ પર ઈંડા/માંસ-મટન/મચ્છી તેમજ માંસાહારની તમામ વાનગીઓ બનાવવી અને તેનુ વેંચાણ તથા સંગ્રહ કરવા પર કાયમી ધોરણે પ્રતિબંધ ફરમાવવા વિચારણા કરૂ છું.

➤ નીચે જણાવ્યા મુજબના તમામ રૂટ/સ્થળ ઉપર જાહેર રોડની બન્ને સાઈડો ઉપર લારી ગલ્લાઓ, દુકાનો, રેસ્ટોરન્ટ, હોટલ પર ઈંડા/માંસ-મટન/મચ્છી તેમજ માંસાહારની તમામ વાનગીઓ બનાવવી અને તેનુ વેંચાણ તથા સંગ્રહ કરવા અંગે પ્રતિબંધ...

(૧) ભાલકા મંદિર થી ભીડીયા સર્કલ સુધી

(૨) ભીડીયા સર્કલ થી શંખ સર્કલ સુધી

(૩) શંખ સર્કલ થી સફારી સર્કલ સુધી

(૪) સફારી સર્કલ થી પ્રજાપતિ ધર્મશાળા ત્રણ રસ્તા સુધી.

(૫) ગીતા મંદિર થી હમીરજી સર્કલ સુધી.

(૬) હમીરજી સર્કલ થી શંખ સર્કલ સુધી.

(૭) સોમનાથ મંદિર થી ૫૦૦ મીટર અંદરના તમામ વિસ્તાર.

આ જાહેરનામુ આખરી કરતા પહેલા જે કોઈ વ્યકિતને વાંધા કે સુચનો હોય, તે આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦(ત્રીસ) માં નીચે સહી કરનારને ઉદેશીને વાંધા સુચનો મોકલી શકે છે. નિયત મુદતમાં રજુ થયેલ વાંધા સુચનો આ જાહેરનામુ આખરી કરતા પહેલા ધ્યાને લેવામાં આવશે. મુદત બહાર આવેલ સુચનો કે વાંધા ધ્યાને લેવામાં આવશે નહી.

આ પ્રાથમિક જાહેરનામું આજ તા. ૧૦ માહે : જુલાઈ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર સોમનાથ, ૧૦ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**જે. એન. વાઘેલા**
જિલ્લા મેજીસ્ટ્રેટ
ગીર સોમનાથ

---

### ગુજરાત પોલીસ અધિનીયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) - (સી) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/રખડતા ઢોર નિયંત્રણ/જા.ના./F-1532/૨૦૨૬.-મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, પોરબંદરના તા. ૦૩-૦૭-૨૦૨૬ ના પત્રથી અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમએજી/સી/રખડતા ઢોર નિયંત્રણ/જા.ના./E-૧૦૫૫/૨૦૨૬, તા. ૨૬-૦૫-૨૦૨૬ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)(સી) અન્વયે પોરબંદર મહાનગરપાલિકા વિસ્તારમાં આપેલ નિદેષોનું પાલન કરવા ફરમાવવામાં આવેલ જાહેરનામાની મુદત તા. ૨૪-૦૭-૨૦૨૬ ના રોજ પુર્ણ થઈ ગયેલ હોય વધુ મુદત માટે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૧-૦૮-૨૦૨૩ ના પરિપત્રથી શહેરી વિસ્તારમાં પશુ ત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગે માર્ગદર્શિકા-૨૦૨૩ જાહેર કરવામાં આવેલ છે જે મુજબ

શહેરી વિસ્તારમાં જાહેર રોડ, રસ્તા ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર રખડતા ઢોર કોઈ સંજોગોમાં જોવા ન મળે તે અંગે નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવાની થાય છે જેથી શહેરમાં જાહેર રોડ, રસ્તા, ફુટપાથની સાઈડે તથા જાહેર સ્થળો ઉપર જાહેરમાં ઘાસચારાનું વેચાણ ન કરે તે મુજબ સુચના થયેલ છે. આ કામે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : LIB/જા.ના./અભિપ્રાય/૧૪૭૫/૨૦૨૬, તા. ૨૪-૦૭-૨૦૨૬ થી અભિપ્રાય થઈ આવેલ છે. જેથી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, પોરબંદરની દરખાસ્ત મુજબ જાહેરનામાની મુદત વધારવી યોગ્ય જણાય છે.

સબબ, હું એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ગુજરાત પોલીસ અધિનીયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અને (સી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ પોરબંદર જિલ્લાની પોરબંદર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે મુજબના નિર્દેષનું પાલન કરવા માટે ફરમાવું છું કે,

(૧) પશુઓને જાહેરમાં ઘાસચારો જાહેરમાર્ગ/ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યકિત દ્વારા ઘાસચારાનું વેંચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા ઉપર પ્રતિબંધ.

**: વિસ્તાર :**

આ હુકમ પોરબંદર જિલ્લાની પોરબંદર મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

**: શિક્ષા :**

આ હુકમનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તા. ૨૮-૦૭-૨૦૨૬ થી તા. ૨૪-૦૯-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમની બજવણી કરવી વ્યકિતગત રીતે શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત વર્તમાનપત્રો, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો, ટેલીવીઝન, કેબલ નેટવર્ક તથા લોકો એકત્રિત થતાં હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને તથા રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આ હુકમ અન્વયે પોરબંદર જિલ્લાની પોલીસ હકુમત હેઠળ આવતી સદરહું પોરબંદર મહાનગરપાલિકા વિસ્તારમાં ફરજ બજાવતા પશુ ચિકિત્સક તથા હેડ કોન્સ્ટેબલ થી નીચેનો દરજ્જો ન ધરાવતા તેવા જે તે વિસ્તારના પોલીસ કર્મચારી/અધિકારીને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ કર્મચારી/અધિકારીને આ હુકમનો ભંગ કરનાર દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. -૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો મારી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**એસ. ડી. ધાનાણી**
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

**વંચાણ :**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા./પીબી/૧૪૯૯/૨૦૨૫, તા. ૧૩-૦૭-૨૦૨૫.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા./પીબી/૧૫૨૨/૨૦૨૫, તા. ૧૬-૦૭-૨૦૨૫.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામના પત્ર નં. LIB/IB-૪/ભારે વાહન/પ્રતિબંધ/જાહેરનામું/૩૨૧૧/૨૫ તા. ૧૬-૦૭-૨૦૨૫.

(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભચાઉના પત્ર નં. મેજી/ને.હા./જાહેરનામું/રાપર-બાલાસર/વશી/વશી/૨૦૨૫, તા. ૧૪-૦૭-૨૦૨૫.

(૫) અત્રેના જાહેરનામા નં. મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)/માર્ગ નિયમન/૦૭/૨૦૨૫, તા. ૧૭-૦૭-૨૦૨૫.

(૬) અત્રેના જાહેરનામા નં. મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)/માર્ગ નિયમન/રાપર/૦૪/૨૦૨૬, તા. ૦૯-૦૪-૨૦૨૬.

(૭) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા/પીબી/૧૨૨૫/૨૦૨૬, તા. ૩૦-૦૬-૨૦૨૬.

### જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/માર્ગ નિયમન/રાપર/૦૭/૨૦૨૬.- કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના વંચાણ-૧ તથા ૨ વાળા પત્રની વિગતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૯૨૭સી ચિત્રોડ-રાપર-બાલાસર રોડ પર કિ.મી. ૫૦/૧૨૫ (રાપર થી બાલાસર વચ્ચે) ખારી નદી ઉપર આવેલ જુના મેજર બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા દરખાસ્ત કામે પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામના વંચાણ-૩ તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભચાઉના વંચાણ-૪ વાળા પત્રથી રજુ થયેલ અભિપ્રાય અન્વયે અત્રેના વંચાણ-૫ વાળાથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ. અત્રેના વંચાણ-૬ વાળા જાહેરનામાની મુદત પૂર્ણ થતી હોઈ વધુ મુદતનું જાહેરનામું બહાર પાડવા વંચાણ-૭ વાળી દરખાસ્ત રજુ થયેલ છે જે ધ્યાને લેતા નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું પાર્થ કોટડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવં છું કે તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધીના સમયગાળા માટે નીચે અનુસુચિમાં જણાવેલ બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર બંધ થવા તેમજ વૈકલ્પિક રસ્તા/માર્ગોનો ઉપોયગ કરવા હુકમ કરુ છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબનો રહેશે.

**અનુસૂચિ :**

➢ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૯૨૭સી ચિત્રોડ-રાપર-બાલાસર રોડ પર કિ.મી. ૫૦/૧૨૫ (રાપર થી બાલાસર વચ્ચે) ખારી નદી ઉપર આવેલ જુના બ્રિજ પરથી વાહનો અવર-જવર કરી શકશે નહી.

**વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :**

➢ રાપર-કલ્યાણપર-સેલારી-ફતેહગઢ-મૌવાણા-બાલાસર રસ્તા પરથી ભારે વાહનો અવર-જવર કરી શકશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છ તથા પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ સબંધિત રસ્તાઓ પર જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

આજરોજ તા. ૦૯-૦૭-૨૦૨૬ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયુ.

ભુજ-કચ્છ, ૦૯ માહે જુલાઈ, સને ૨૦૨૬.

---

## ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

**વંચાણ :**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા./પીબી/૧૫૦૪/૨૦૨૫, તા. ૧૪-૦૭-૨૦૨૫.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા./પીબી/૧૫૨૨/૨૦૨૫, તા. ૧૬-૦૭-૨૦૨૫.

(૩) પોલીસઅધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના પત્ર નં. એલઆઈબી/આઈબી-૪/ હંગામી/જાહેરનામું/દરખાસ્ત/૨૬૫૮/ ૨૦૨૫ તા. ૧૬-૦૭-૨૦૨૫.

(૪) સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મુંદરાના પત્ર નં. મેજી/ભારે વાહન/પ્રતિબંધ/ ૦૭/૨૦૨૫, તા. ૧૫-૦૭-૨૦૨૫.

(૫) અત્રેના જાહેરનામા નં. મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)/માર્ગ નિયમન/૦૭/૨૦૨૫, તા. ૧૭-૦૭-૨૦૨૫.

(૬) અત્રેના જાહેરનામા નં. મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)/માર્ગ નિયમન/માંડવી/૦૪/૨૦૨૬, તા. ૦૯-૦૪-૨૦૨૬.

(૭) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના પત્ર જા.નં.ને.હા/પીબી/૧૨૨૩/૨૦૨૬, તા. ૩૦-૦૬-૨૦૨૬.

## જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/માર્ગ નિયમન/માંડવી/૦૭/ ૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના વંચાણ-૧ તથા ૨ વાળા પત્રની વિગતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૧ માંડવી-નલિયા-નારાયણ સરોવર રોડના લાયજા-બાયઠ રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૬૬/૫૦૦ (માયનોર બ્રીજ) તથા બાયઠ-દેઢિયા રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૭૦/૪૦૦ (મેજર બ્રીજ) પરથી ભારે/અતિભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાની દરખાસ્ત કામે પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના વંચાણ-૩ તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મુંદરાના વંચાણ-૪ વાળા પત્રથી રજુ થયેલ અભિપ્રાય અન્વયે અત્રેના વંચાણ-૫ વાળાથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ. અત્રેના વંચાણ (૬) વાળા જાહેરનામાની મુદત પૂર્ણ થતી હોઈ વધુ મુદતનું જાહેરનામું બહાર પાડવા વંચાણ-૭ વાળી દરખાસ્ત રજુ થયેલ છે જે ધ્યાને લેતા નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું પાર્થ કોટડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૩૦-૧૦-૨૦૨૬ સુધીના સમયગાળા માટે નીચે અનુસુચિમાં જણાવેલ બ્રિજ પરથી ભારે/અતિભારે વાહનોની અવર-જવર બંધ થવા તેમજ વૈકલ્પિક રસ્તા/ માર્ગોનો ઉપોયગ કરવા હુકમ કરુ છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબનો રહેશે.

**અનુસૂચિ :**

- રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૧ માંડવી-નલિયા-નારાયણ સરોવર રોડના લાયજા-બાયઠ રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૬૬/૫૦૦ (માયનોર બ્રીજ) તથા બાયઠ-દેઢિયા રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૭૦/૪૦૦ (મેજર બ્રિજ) પરથી ભારે/અતિભારે વાહનો અવર-જવર કરી શકશે નહી.

**વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :**

- લાયજા મોટા ચોકડી-બાડા-બાયઠ-દેઢિયા રસ્તા પરથી ભારે/અતિભારે વાહનો અવર-જવર કરી શકશે.
- કોઠારા થી માંડવી વાયા મોથાળા-ગઢશીશા રસ્તા પરથી ભારે/અતિભારે વાહનો અવર-જવર કરી શકશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છ તથા પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી અમલ કરાવવાનો રહેશે.

આ જાહેરનામા અન્વયે અનુસૂચિ મુજબના બ્રીજ ભારે વાહનોની અવર-જવર માટે બંધ રાખવા અને તેને સંલગ્ન આનુષંગિક કાર્યવાહી કરવાની જવાબદારી અંગત રીતે કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છની રહેશે.

આજરોજ તા. ૦૯-૦૭-૨૦૨૬ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયુ.

ભુજ-કચ્છ, ૦૯ માહે જુલાઈ, સને ૨૦૨૬.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

## જાહેરનામું

નં. મેજી/પોલ-૧/ભયજનક સ્થળો/પ્રતિબંધ/૦૭/૨૦૨૬.-ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્રથી થયેલ સુચનાની વિગતે તાજેતરમાં રાજ્યમાં જુદા જુદા જીલ્લાઓમાં આવેલ જુદા જુદા જળાશયો (નદી, તળવા, નહેર, દરીયા) માં ન્હાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ હોઈ, અત્રેના જીલ્લામાં આવેલ જળાશયો સંદર્ભે જ્યાં જ્યાં આવી ઘટનાઓ બનવાની શકયતા હોય તેવા ભયજનક સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સુચના આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું પાર્થ કોટડીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલી સત્તાની રૂએ ફરમાઉં છું કે,

(૧) સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ નદી, નાળા, નહેર, ચેકડેમ તથા તેનો નીચાણ વાળો વિસ્તાર, જળાશયો, કોઝ-વે તથા નાના-મોટા ધોધ જેવા પાણીનું ભારે વહેણ ધરાવતાં ભયજનક સ્થળોએ કોઈપણ વ્યકિત/પ્રવાસીઓએ ન્હાવા જવા, કપડા ધોવા કે માછલી પકડવા માટે પ્રવેશ કરવો નહી તેમજ તે માટે મદદગારી કરવી નહી.

(૨) સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ દરિયા કિનારાઓ ભરતીના સમયે તથા ચોમાસાની ઋતુ દરમિયાન ઊંચા મોજાં ઉછળતા હોવાથી કોઈપણ વ્યકિત/પ્રવાસીઓએ ન્હાવા જવા દરિયાના પાણીમાં પ્રવેશ કરવો નહી તેમજ દરિયા કિનારે જોખમી રીતે ઉભા રહેવું નહી.

(૩) સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ કોઝ-વે ઉપર પાણીનું ભારે વહેણ ચાલુ હોય ત્યારે કોઈ વ્યકિતએ જાતે અથવા વાહન સાથે કોઝ-વે ઉપરથી પસાર થવું નહી.

(૪) ઉપરના તમામ ભયજનક સ્થળોએ જોખમી રીતે ઉભા રહી મોબાઈલ/કેમેરામાં ફોટા/સેલ્ફી લેવાં નહી.

**: મુક્તિ :**

આ હુકમ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા આપત્તિ વ્યવસ્થાપન માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

**: શિક્ષા :**

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારુ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન, તેમજ જિલ્લા પંચાયત હસ્તકની તમામ કચેરીઓ અને ગ્રામ પંચાયતોના નોટીસ બોર્ડ પર તથા મહેસૂલી તમામ કચેરીઓના નોટીસ બોર્ડ પર તથા સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર ચોટાડી પ્રસિધ્ધિ કરવી.

આ જાહેરનામું તા. ૦૫-૦૯-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આજરોજ તા. ૦૯-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી કરી તથા કચેરીનો મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૦૯ માહે જુલાઈ, સને ૨૦૨૬.

---

**ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું**

## જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૦૬/૨૦૨૫.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું પાર્થ કોટડીયા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૩૦-૦૬-૨૦૨૬ થી તા. ૧૪-૦૭-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

**અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''**

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

**પાર્થ કોટડીયા**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/E-347051/F-1581/૨૦૨૬.- ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડુતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને ધ્યાનમાં લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી. તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજિક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહ શાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આકસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે અગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૨૦-૦૭-૨૦૨૬ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૫-૦૭-૨૦૨૬ થી તા. ૦૭-૦૮-૨૦૨૬ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સભા, સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહિતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. -૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૩ માહે જુલાઈ, સને ૨૦૨૬.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/મકાન ભાડે-નોંધણી/E-347147/F-1582/૧૬૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક નં. LIB/જા.ના./મકાન ભાડા/જાહેરનામું/૧૪૪૬/૨૦૨૬, તા. ૨૦-૦૭-૨૦૨૬ પત્રની વિગતે પોરબંદર જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને ગાંધીજીનું જન્મસ્થળ કિર્તીમંદિર, સુદામા મંદિર, હરી મંદિર, માધવરાય મંદિર વિગેરે જેવા વિવિધ ધાર્મિક સ્થળો તથા પોરબંદર જેટી, બિરલા સિમેન્ટ ફેકટરી, સુપર ગેસ પ્લાન્ટ વિગેરે જેવા વાયટલ ઈન્સ્ટોલેશન આવેલા છે. ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી-અસામાજીક તત્વો શહેરના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે અને જાહેર તથા લોકોની સંપતિને નુકશાન પહોચાડે છે. નજીકના ભુતકાળમાં દેશમાં વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં આતંકવાદી હુમલાઓ થયેલ જેમાં જાનહાની તથા મિલકત હાની થયેલ હતી. આગામી સમયમાં તહેવારો દરમ્યાન તેમજ ઉકત મંદિરો ખાતે હાલ વેકેશનના કારણે બહોળા પ્રમાણમાં જનમેદની એકઠી થતી હોય તેમજ ગુપ્તચર એજન્સીઓ તરફથી અવાર નવાર આતંકવાદી પ્રવૃતિ બાબતે ઈનપુટ મળતા હોય છે. જેથી પરપ્રાંતથી આવતા આવારા તત્વો મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે લોકોના જાન માલ રક્ષણ કરવાની તંત્રની ફરજ છે. જેથી અત્રેના જિલ્લામાં કોઈપણ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપનાર ઉપર જાહેર સલામતિને કારણે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

સમગ્ર પોરબંદર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરેને જગ્યાના માલિક/સંચાલકો જ્યારે પોતાનું કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે પરપ્રાંતીયને ભાડે આપે ત્યારે જે તે વ્યકિતને જગ્યા ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી આધાર પુરાવા તેમજ ઓળખ મેળવીને સબંધિત પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની જાણ કર્યા બાદ જ જગ્યા ભાડે આપે તેમજ જે તે પોલીસ સ્ટેશનને આવી જગ્યા ભાડે રાખનારની તમામ હકીકત અંગે યોગ્ય અને પુરતી ચકાસણી કરે તે રીતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ, હાલના પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા પોરબંદર જિલ્લામાં પરપ્રાંતીયને મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપ્યાની નોંધણી અંગેનું દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું અમોને ઈષ્ટ જણાય છે.

સબબ, હું એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના તમામ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલિકોએ જાતે અથવા અધિકૃત વ્યકિતઓ મારફતે જો કોઈ પરપ્રાંતીય વ્યકિત અથવા અગર તો આ માટે આવા મકાન માલિકો ખાસ સત્તા આપેલ વ્યકિત/સંસ્થાને અત્રેના જિલ્લામાં મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપે ત્યારે ફરજીયાત નિયમ નમુના મુજબની જાણ સબંધિત પોલીસ સ્ટેશન કરવાની રહેશે.

**મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરેના માલિકો જગ્યા ભાડે આપતી વખતે સબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાનું નિયત નમુનો**

| ક્રમ | મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યાના માલિક/સંચાલકનું નામ, સરનામું, ટેલીફોન નંબર/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજની વિગત જેમાં કયાં વિસ્તારમાં આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. છે ? | મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ/સરનામું/ટેલીફોન નંબર/મોબાઈલ નંબર | મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે કઇ તારીખથી ભાડે આપેલ છે તથા માસિક ભાડું કેટલું છે? | જે વ્યકિતને મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગરે ભાડે આપેલ છે તેનું પુરૂ નામ તથા સરનામું તથા હાલનું સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર, ફોટોગ્રાફ વિગેરે | જે વ્યકિતને મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગરે ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સબંધીના નામ/સરનામા/મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |

આ જાહેરનામુ તા. ૨૬-૦૭-૨૦૨૬ થી તા. ૨૨-૦૯-૨૦૨૬ (આ જાહેરનામું બીજો હુકમ થતાં) સુધી અમલમાં રહેશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર દ્વારા આ હુકમ પોરબંદર જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી અર્થે સમગ્ર જિલ્લામાં જાહેર જનતા જોઈ શકે તેવા વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવેલ તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.    -૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો મારી પ્રસિધ્ધ કરવામાં અવ્યું.

જુનાગઢ, ૨૩ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**એ. ડી. મિયાત્રા**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા. નં. ૧૪૮૭(૨/૫)/હ.બં.જા.ના/જુલાઈ-ઓગસ્ટ/૨૬.-આગામી જુલાઈ/૨૦૨૬-ઓગસ્ટ/૨૦૨૬ના માસ દરમિયાન તા. ૨૫-૦૭-૨૦૨૬ ના એકાદશી, તા. ૨૭-૦૭-૨૦૨૬ ના જયા પાર્વતી વ્રત, તા. ૨૯-૦૭-૨૦૨૬ના ગુરૂ પૂર્ણિમા, તા. ૦૨-૦૮-૨૦૨૬ ના સંકષ્ટ ચતુર્થી, તા. ૦૩-૦૮-૨૦૨૬ ના નાગપંચમી, તા. ૦૬-૦૮-૨૦૨૬ના કાલાષ્ટમી, તા. ૧૩-૦૮-૨૦૨૬ ના શ્રાવણમાસ પ્રારંભ, તા. ૧૫-૦૮-૨૦૨૬ના સ્વાતંત્ર્ય દિવસ તથા તા. ૨૦-૦૮-૨૦૨૬ના દુર્ગાષ્ટમી વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા છે. આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન સુલેહ-શાંતિ જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડનાં પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/હ.બં.જા.ના./૩૮૪૪/૨૦૨૬, તા. ૨૧-૦૭-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે અનુસાર જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું, એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છુ કે નીચેના પરિશિષ્ટમા દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૪-૦૭-૨૦૨૬ થી તા. ૨૨-૦૮-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી કોઈએ,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, છરી, કુંહાડી, ધારીયા, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવુ કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈ પણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(ચ) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહી.

(છ) પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપીંગ મોલ કે સિનેમા હોલ કે ઓડીટોરીયમ કે નાટય ગૃહ તથા ટાઉન હોલમાં પ્રવેશવું નહીં.

(જ) ઘણી બધી દુકાનોમાં સશસ્ત્રો તથા હથિયાર જાહેરમાં પ્રદર્શીત રાખવામાં એઆવે છે જેનાથી સગીરવયના બાળકો આવા હથિયારોથી આકર્ષિત થતા હોય જેથી બાળકોમાં હિંસાની ભાવના જાગૃત થતી હોય આવા ભયંકર હથિયારોનું વેચાણ કરનાર દુકાનોમાં જાહેરમાં હથિયાર પ્રદર્શીત કરવા નહી.

**: પરિશિષ્ટ :**

**''ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર''**

**આ જાહેરનામું નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથિયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉત્તરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓને દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

(૮) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. -૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૩ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું**

## જાહેરનામું

નં.ડીએમ-૧/ફા.નં.૧૪૫૦/(૨/૫)/માછીમારીપ્રતિબંધ/ઈ-૩૭૩૪૩૫/૨૬.- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગરના તા. ૧૨-૦૫-૨૦૨૬ ના પરિપત્રથી રાજ્યમાં દરિયાઈ કાઠાના પ્રાદેશિક જળ વિસ્તારમાં તારીખ ૧લી જુન-૨૦૨૬ થી તારીખ ૧૫ ઓગષ્ટ-૨૦૨૬ સુધી યાંત્રિક બોટો દ્વારા થતી આંતરદેશીય તથા પ્રાદેશિક જળક્ષેત્રમાં માછીમારી પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેમ છતાં, અનધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કારણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોના જીવનું જોખમ ઉભું થાય તેવો પુરતો સંભવ છે, જેથી ભાવનગર જિલ્લામાં આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા માછીમારી પર પ્રતિબંધ મુકવા મદદનીશ મત્સ્યદ્યોગ નિયામકશ્રી, ભાવનગર દ્વારા તા. ૨૦-૦૭-૨૦૨૬થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત અનુસારનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે,

ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કે ક્રિક વિસ્તારમાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યક્તિએ તા. ૩૧-૦૭-૨૦૨૬ થી તા. ૧૫-૦૮-૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) ના સમય દરમ્યાન માછીમારો માટે સમુદ્રમાં કે ક્રિક વિસ્તારમાં જવું નહી અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહી.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) પોર્ટ ઉપર આવતા વ્યાપારિક જહાજો.

(૨) લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળોની બોટો.

(૩) પગડીયા માછીમારો.

(૪) નોન મોટરાઈઝડ ક્રાફટ (લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી)

(૫) મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, ભાવનગર/સંબંધિત પોર્ટ ઓફિસરશ્રી અધિકૃત કરે તેવી બોટ.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલાં લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

તમામને વ્યક્તિગત રીતે જાહેરનામાની બજવણી શક્ય ન હોઈ આથી એક તરફથી હુકમ કરુ છું. સંબંધિત વિસ્તારમાં પોલીસ ધ્વારા લાઉડ સ્પીકર વાહનો મારફતે તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૯-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૯ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**એન. ડી. ગોવાણી**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૧૩૬૧/૨૦૨૬.-સામાન્ય રીતે તહેવારો દરમિયાન ફટાકડા ફોડવાના કારણે તથા તહેવારો અને લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમિયાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતુ જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમિયાન ઉપયોગમાં લેવાતા સાધનોના ઉપયોગના કારણે પણ ધ્વનિ પ્રદુષણ ફેલાતુ જોવા મળે છે.

ઘોંઘાટ ઉત્પન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નુ જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. સદરહું નિયમોમાં તા. ૧૧-૦૧-૨૦૧૦ના રોજ સુધારા કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

### નોઈઝ સ્ટાન્ડર્ડ

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ (DB(A)Leq | |
|---|---|---|---|
| | | સવારના કલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ | રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ |
| એ. | ઔદ્યોગિક | ૭૫ | ૭૦ |
| બી. | વાણીજ્ય | ૬૫ | ૫૫ |
| સી. | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી. | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

### તા. ૧૧-૦૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

- રાત્રીના સમયગાળામાં રાત્રીના કલાક ૧૦-૦૦ થી સવારના કલાક ૦૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડ સ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.
- જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડ સ્પીકર સીસ્ટમનો તથા સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.
- ઉપર મુજબ ખાનગી સ્થળ થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

પોલીસ અધિક્ષકશ્રી, બોટાદનાં તા. ૦૬-૦૭-૨૦૨૬ના પત્ર નં. SOG/જાહેરનામું ધ્વનિ પ્રદૂષણ/૬૨૫/૨૦૨૬ થી ધ્વનિ પ્રદૂષણ ફેલાતું અટકાવવા તથા નિયમન માટે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

આથી ધ્વનિ પ્રદૂષણ અટકાવવા તથા ધ્વનિ પ્રદૂષણ થાય તેવા કૃત્યો પર નિયંત્રણ કરવા માટે જાહેર શાંતી અને પર્યાવરણને નુકશાન થતું અટકાવવા પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ધ્વનિ પ્રદૂષણ અટકાવવા તથા ધ્વનિ પ્રદૂષણ થાય તેવા કૃત્યો પર નિયંત્રણ કરવા માટે અને પર્યાવરણને નુકશાન થતું અટકાવવા હેતુસર બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ સમય માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

### : પ્રતિબંધિત કૃત્યો :

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારોને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી. જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈઓ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અનો જોગવાઈઓનો ઉલ્લંઘન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તા. ૦૩-૧૨-૨૦૧૯ ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા મુજબ કોઈપણ ઉત્પાદક/ડીલર/દુકાનદાર/એજન્સી/વ્યકિત/વ્યકિતના સમુહ દ્વારા કોઈપણ સાઉન્ડ સીસ્ટમ ધ્વની નિયંત્રક (સાઉન્ડ લીમીટર) લગાવ્યા સિવાય તેનું વેચાણ/ખરીદ/સ્થાપન કે ઉપયોગ કરવા ઉપર તેમજ હાલમાં હયાત તમામ સાઉન્ડ સીસ્ટમ પણ ધ્વનિ નિયંત્રણ (સાઉન્ડ લીમીટર) લગાવ્યા સિવાય ઉપયોગમાં લેવા ઉપર.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

### : સાઉન્ડ સીસ્ટમ વગાડવા માટેના પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

૧. સાઉન્ડ સીસ્ટમ વગાડવા માટે તેના માલીકે/ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના થાણા અધિકારીશ્રીને ૦૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. બોટાદ જિલ્લામાં જાહેર જગ્યામાં અથવા તો, જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્રોનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે. પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્રોનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્રોનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૬-૦૦ થી રાત્રિના કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ-૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્રોનો ઉપયોગ રાત્રિના ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોય, આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્રો માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી. (**નોંધ :** ઉપરોકત જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાત્રિના કલાક ૧૦-૦૦ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.)

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રનો ભંગ ન થાય તે જોવાનું રહેશે. (**નોંધ :** કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં સાઉન્ડ સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી તરફથી અધિકૃત કરેલા અઈધકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી અથવા ચલાવવો નહી. તેમજ ગતિમાન વાહનોમાં મ્યુઝીકલ હોર્ન, વધારે ધ્વનિ માત્રા ધરાવતા હોર્ન, મોડીફાઈ કરેલા વાહનોના સાઈલેન્સર કે જે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો કરતાં વધારે ધ્વનિ પેદા કરતાં હોય તેનો ઉપયોગ કરી શકશે નહી.

૧૨. સાઉન્ડ સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસ રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ ઉપરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોકત પ્રતિબંધીત કૃત્યમાંથી નંબર (પાંચ) માં કોઈપણ પ્રકારની છુટછાટ મળશે નહી. અર્થાત સાઉન્ડ સીસ્ટમ વગાડવા માટે કોઈપણ સંજોગોમાં ધ્વનિ નિયંત્રણ (સાઉન્ડ લીમીટર) ફરજીયાત લગાવવાનુ રહેશે.

- આ જાહેરનામું તા. ૧૭-૦૭-૨૦૨૬ થી તા. ૧૬-૦૯-૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.
- આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.
- આ જાહેરનામા અન્વયે બોટાદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ બદલ પગલા લેવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ, આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો તથા જિલ્લાના તમામ સિનેમા ગૃહો, વિડીયો ગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લા તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ/તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી, તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિદ્ધિ કરવી.

આજ તારીખ ૧૫-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ.

બોટાદ, ૧૫ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**પી. એલ. ઝણકાત**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

## મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0035/07/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ધ ફલોરેન્ઝા કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604785, DATE 27-07-2026 છે.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૨૬.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0037/07/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, અમી એકઝોટીકા કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604786, DATE 27-07-2026 છે.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૨૬.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0004/08/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, સર્વોતમ હાઈટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ. કાંગશીયાળી, તા. લોધિકા, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604860, DATE 01-08-2026 છે.

રાજકોટ, ૦૧ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0002/08/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, જ્યોતિનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604859, DATE 01-08-2026 છે.

રાજકોટ, ૦૧ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0006/08/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ધ વાઈબ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604861, DATE 01-08-2026 છે.

રાજકોટ, ૦૧ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

**વાય. ડી. દુધાત્રા**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ)
રાજકોટ

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.08.27 15:09:18 IST